શહેર-જિલ્લામાં આજે વધુ ૧૫૫ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૫૫ જેટલા કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલા ખાતે ૨૫, સાદરા ખાતે ૨૨, દહેગામ ખાતે ૨૯ તથા ડિંગુચા ખાતે ૧૯ વોરિયર્સનું વેક્સીનેશન સંપન્ન થયુ છે.

ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલ ખાતે ૬૦ વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ. જેમાં ૨૦ ખાનગી તબીબોનો પણ સમાવેશ થાય છે. જેમાં શહેરના જાણીતા ફીઝીશીયન ડૉ. જયેશ શાહ, મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકી અને યુવા ગાયનેકોલોજીસ્ટ ડૉ. વિરલ લુહારનો સમાવેશ થાય છે.

આજે વેક્સીનેશન દરમ્યાન કોઈને પણ આડ અસર થયાનું જણાયુ ન હતુ. દરમ્યાન જિલ્લાતંત્રની યાદીમાં જણાવાયા મુજબ શુક્રવારે અર્બન હેલ્થ સેન્ટરો ખાતે વેક્સીનેશનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં ૨૧૦ કોરોના વોરિયર્સનું તો જિલ્લામાં ૩૦૦થી વધુ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન અત્યાર સુધીમાં સંપન્ન થઈ ચુક્યુ છે. જિલ્લામાં ૧૬ હજારથી વધુ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન પ્રથમ તબક્કામાં કરવામાં આવનાર છે.

મનપાની જુદા જુદા સંવર્ગની ૫૦ જગ્યાઓ પર જીપીસએસસી દ્વારા ભરતી થશે

ઈજનેરી સંવર્ગની ૨૩ અને મેડીકલ ઓફિસરની પાંચ જગ્યાઓ સહિત વિવિધ જગ્યાઓ માટે જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૫૦ જેટલા વધુ કર્મયોગીઓની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવશે. જેમાં ૧૯ જગ્યા વર્ગ-૨ની અને ૩૧ જગ્યા વર્ગ-૩ની છે.

બે વર્ષના અંતે મનપાની ભરતી પ્રક્રિયા એ પણ જાહેર સેવા આયોગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. મનપામાં ભરતીના વિવાદ પછી હવે નવી ભરતી જાહેર સેવા આયોગ મારફત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મનપા દ્વારા કરવામાં આવનારી ભરતીમાં ૨૩ જેટલી જગ્યાઓ ઈજનેરી શાખાની છે. શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે પાંચ મેડીકલ ઓફિસરોની ભરતીનો પણ આ ભરતીમાં સમાવેશ કરાયો છે.

મનપામાં ભરતીના વિવાદ પછી બઢતી બદલીનો મુદ્દો પણ વિવાદમાં આવ્યો હતો. તેના નિયમો મંજૂર કરવામાં ભાજપમાં ભારે મડાગાંઠ ઉભી થઈ હતી. મનપામાં મોટા ભાગના કર્મયોગીઓ આઉટ સોર્સિંગથી કામ કરી રહ્યા છે. આ સ્થિતિમાં આ નવી ભરતી પ્રક્રિયાથી મનપાના મહેકમમાં વધારો થશે.

આ ભરતી માટે ૨ ફેબ્રુઆરીથી ૧૭ મી ફેબ્રુઆરી સુધી અરજીઓ સ્વીકારવામાં આવનાર છે.

દરમ્યાન મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ક્લેરીકલ સ્ટાફ સહિત અન્ય સંવર્ગની ભરતી માટે પણ અલગથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે અને તે એકાદ સપ્તાહ બાદ સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ તેની ભરતી પ્રક્રિયા માટે જાહેર સેવા આયોગને જાણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરની હદમાં વધારો થયા પછી નવી ભરતી કરવી જરૂરી બની છે. આથી તંત્રએ હવે ભરતી માટેની દરખાસ્તને લઈ તેની કવાયત વેગીલી બનાવવામાં આવી છે.

ગાંધીનગર મનપાએ પહેલી શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા થશે જેની ભરતી જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવશે.

આરોગ્ય કર્મચારી મહાસંઘના કીરીટસિંહ ચાવડાની ધરપકડ કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ કીરીટસિંહ ચાવડાની આજે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ૧૨મીથી કર્મચારી મહાસંઘના આદેશને પગલે અચોક્કસ મુદતની હડતાલ પર કર્મચારીઓ ઉતર્યા છે.

આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે વારંવાર રજુઆત પછી યોગ્ય નિકાલ ના આવતાં હડતાલનું શસ્ત્ર ઉગામતાં સરકારે આ કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સૂચનાને પગલે ગઈકાલે જિલ્લાના બે કર્મયોગીઓ સામે ફરિયાદ તંત્ર દ્વારા દાખલ કરવામાં આવી હતી.

આજે પોલીસ દ્વારા કર્મચારી મહાસંઘના પ્રમુખ કીરીટસિંહ ચાવડાની ધરપકડ કરી લેવામાં આવી છે. કીરીટસિંહ ચાવડા તેમના ઘરે હતા ત્યાંથી પોલીસે તેમની ધરપકડ કરી છે.

બીજી તરફ જિલ્લાના હડતાલ પર ગયેલા તમામ કર્મચારીઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

નિરીક્ષક તરીકે અશોક ભાવસારની પસંદગીથી ભાજપમાં ખુશીની લ્હેર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા ભાજપના અગ્રણી અને પ્રદેશ કારોબારી સભ્ય તેમજ ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસારની અમદાવાદ શહેરમાં ઉમેદવારોની પસંદગી માટેના નિરીક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે. અશોક ભાવસારે ગત ચૂંટણીમાં પણ અમદાવાદ કોર્પોરેશનની ચૂંટણીમાં નિરીક્ષક તરીકેની કામગીરી કરી હતી. અશોક ભાવસારની પસંદગી થતાં શહેર અને જિલ્લા ભાજપના કાર્યકરોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

અડાલજ કેનાલ અને ચિલોડા બ્રિજને સિકસલેન કરવા ૬ ૨ કરોડનો ખર્ચ કરાશે

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટ અન્વયે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે : મંજુરીના અંતે કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૨૧

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ ચાલી રહ્યુ છે. આ રૂટમાં કુલ ૧૦ ઓવરબ્રિજ બનાવાની કામગીરી ચાલી રહી છે. જો કે આ પૈકી ત્રણ ઓવરબ્રિજ તૈયાર કરી દેવાયા છે. જયારે સરગાસણ અને ઘ-૦ ઓવરબ્રિજ પણ ટુંકમાં તૈયાર થઈ જશે. બીજીતરફ અડાલજ નર્મદા કેનાલના ફોરલેન બ્રિજને પણ સિકસલેન કરવા માટે કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત ચિલોડા સાબરમત્તી બ્રિજને પણ સિકસલેન કરવા માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે. આ બન્ને બ્રિજની કામગીરી પાછળ અંદાજિત રૂ ૬ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ હાલ ચાલી રહ્યુ છે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલા આ પ્રોજેકટની કામગીરી આગામી જુલાઇ મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે. જયારે આ રૂટમાં અંદાજિત ૧૦ જેટલા ઓવરબ્રિજ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પૈકી ૩ ઓવરબ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં સરગાસણ અને ઘ-૦ ઓવરબ્રિજ પણ તૈયાર થઈ જશે. બીજીતરફ આ પ્રોજેકટને અનુલક્ષીને નેશનલ હાઈવે ઓથારિટી કક્ષાએથી અડાલજ નર્મદા કેનાલ બ્રિજને પણ ફોરલેનમાંથી સિક્સલેન બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ચિલોડા સાબરમત્તી બ્રિજને પણ સિક્સલેન બનાવવા માટે આ પ્રોજેકટ અન્વયે કામગીરી હાથ ધરવામાં આવશે.

આ બન્ને બ્રિજને સિકસલેન બનાવવા માટે ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે. બન્ને બ્રિજની કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૬ ૨ કરોડનો ખર્ચ થશે. આ પ્રોજેકટ અન્વયે આ બન્ને બ્રિજને અનુલક્ષી અલગથી દરખાસ્ત તૈયાર કરીને સુપ્રત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

ભાજપની પ્રદેશ ચૂંટણી સમિતિની જાહેરાત

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભાજપની કવાયત : ભાજપની પ્રદેશ ચૂંટણી સમિતિમાં ૧૩ સભ્યોનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં ગુજરાત ભાજપ દ્વારા પ્રદેશ ચૂંટણી સમિતિની (ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ) જાહેરાત કરવામાં આવી છે. ભાજપના નવા પાર્લામેન્ટરી બોર્ડમાં સીઆર પાટીલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની બાદબાકી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત આરસી ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપની પ્રદેશ ચૂંટણી સમિતિમાં કુલ ૧૩ સભ્યો છે. આ ઉપરાંત મંગુભાઈ પટેલ અને શંભુ પ્રસાદ ટુંડિયાની પણ બાદબાકી કરવામાં આવી છે.

સમિતિમાં સ્થાન પામનારાઓમાં સીઆર પાટીલ (પ્રદેશ પ્રમુખ), વિજય રૂપાણી (મુખ્યમંત્રી), નીતિન પટેલ (નાયબ મુક્યમંત્રી), પુરુષોત્તમ રૂપાલા, આરસી ફળદુ, ભુપેન્દ્રસિંહ ચૂડાસમા, જશવંતસિંહ ભાભોર, ભીખુભાઈ દલસાણિયા, રાજેશ ચૂડાસમા, કાનાજી ઠાકોર, સુરેન્દ્ર પટેલ, કિરીટ સોલંકી, પ્રદેશ પ્રમુખ, મહિલા મોરચો આનંદીબહેન પટેલ રાજ્યપાલ થવાના કારણે કપાયા છે. તો મહિલા મોરચામાં જે પ્રમુખ બનશે તેનો સમાવેશ કરવામાં આવશે.

નગરના સર્કલો-ફુટપાથનો વાઈબ્રન્ટ લુક અદ્રશ્ય થયો

સર્કલો દેખરેખના અભાવે કંગાળ બન્યા : સર્કલો ફરતેની બાઉન્ડ્રીમાં પણ ભંગાણ : તંત્રને પણ સર્કલોની જાળવણીમાં રસ નથી જયારે :જવાબદાર સંસ્થાઓ પણ ધ્યાન આપતી નથી

ગાંધીનગર તા ૨૧

શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો અને ફુટપાથની હાલત કંગાળ બની છે. છેલ્લા દોઢ વર્ષથી સર્કલો અને ફુટપાથની જાળવણીના મામલે તંત્ર પણ નિરસતા સેવી રહ્યુ છે. જયારે વાઈબ્રન્ટ સમિટના આયોજન અન્વયે મોટાભાગે સર્કલો તેમજ ફુટપાથને સુશોભિત કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે વાઈબ્રન્ટ સમિટ યોજવાની ન હોવાથી સર્કલો તેમજ ફુટપાથ તરફ તંત્રનુ ધ્યાન કેન્દ્રિત થયુ નથી. સુશોભન સિવાય અન્ય જરૂરી મરામત પણ થતી નથી જેના લીધે માર્ગ વચાળે સ્થિત સર્કલો આકર્ષક દેખાતા નથી.

શહેરમાં છેલ્લા બે વર્ષથી સર્કલો તદન કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સર્કલોની જાળવણીનુ કામ હવે કોર્પોરેશન સંભાળે છે. અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા દોઢ દાયકા પુર્વે વિવિધ સંસ્થાઓને વિકસાવવા માટે ફાળવવામાં આવ્યા હતા જેના અંતે નગરના સર્કલો વિવિધ થીમ આધારિત ડેવલપ કરાયા હતા. જયારે સમયાંતરે આ સર્કલોની જાળવણીની જવાબદારી પણ સંબંધિત સંસ્થાઓને સોપવામાં આવી હતી પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલની જાળવણીનો મુદ્દો વિસરાયો છે. કોરોના કાળમાં છેલ્લા એક વર્ષથી સર્કલોની જાળવણીનુ કામ હાથ ધરાયુ નથી. જેના લીધે હાલ નગરના સર્કલોની ફરતેની દિવાલો પણ તુટી ગઈ છે. સર્કલોની ફરતે કલરકામ પણ કરવાની અનિવાર્યતા છે. જયારે સર્કલ વચાળે હરિયાળી પણ સુકાયેલી જોવા મળે છે. નગરની આગવી ઓળખ બનેલા સર્કલો હવે કંગાળ જોવા મળી રહ્યા છે. નગરના માર્ગોને અપગ્રેડ કરવા

● અનુસંધાન પાન-૭ પર

અશાંતધારાના જાહેરનામાને હાઈકોર્ટે આપ્યો સ્ટે, નવા સુધારાઓનો નહીં થાય અમલ

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં અશાંતધારાના કાયદાની જોગવાઈઓમાં રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૦માં કરેલા સુધારાઓને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યા છે. નવાં સુધારાઓ મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કરવા પર અને કોઈ વિસ્તારને અશાંતધારા હેઠળના જાહેર કરવા પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે ફરમાવ્યો છે. જમિયત ઉમલા-એ-હિંદ દ્વારા આ સુધારાઓની બંધારણીયતાને પડકારવામાં આવી છે. કોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. અરજદાર સંસ્થા દ્વારા અશાંતધારાના કાયદમાં કરાયેલા સુધારાઓને પડકારવામાં આવ્યા હતા, જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે આ સુધારાઓ સમાનતા અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતોનું હનન કરે છે તેમજ તેના કારણે સાંપ્રદાયિક વર્ગીકરણ કાયમી થઈ જશે.

ગુજરાતમાં આ કાયદો અને તેનું પાલન ઘણું જૂનું છે, પરંતુ આ કાયદાના કારણે સમાજના વધુ ભાગલા થયા છં. મુસ્લિમ વ્યક્તિ લઘુમતી વિસ્તારમાં જ મકાન ખરીદી શકે અને હિન્દુ વ્યક્તિ હિન્દુ વિસ્તારમાં જ રહી શકે કે મિલકત ખરીદ, વેચાણ કે ટ્રાન્સફર કરી શકે તેવું સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા આ કાયદા હેઠળ વિવિધ આદેશો કરાતા રહ્યા છે. કાયદામાં ઓક્ટોબરમાં થયેલા સુધારાઓના કારણે કોઈ એક જ ધર્મ કે

● અનુસંધાન પાન-૭ પર

શિયાળો હજુ ચાલે છે પરંતુ આસપાસ નજર કરો ત્યારે ચોક્કસ એવો અણસાર મળી જ જાય છે કે ઉનાળો હવે બહુ દૂર નથી. પુનિત વનના કેસુડાના વૃક્ષ પર ફૂલો આવી ગયા છે. ઉનાળાના આગમનના એંધાણ આપી રહ્યા છે. શિયાળો ઉતરતા અને ઉનાળો બેસતા વચ્ચે આવતા તહેવાર હોળી/ધુળેટીમાં કેસુડાનો ઉપયોગ ખૂબ થાય છે. તેનાથી બનતો પાકૃતિક રંગ જરાય નુકશાનકારક નથી. કેસુડાનુ પાણી શરીર માટે તો ફાયદાકારક છે જ સાથે જ તેના અન્ય ઔષધિય ઉપયોગો આપણને ખૂબ જ ફાયદા પહોંચાડે છે. કેસરી રંગના કેસુડાના ફૂલો ખૂબ જ સુંદર દેખાઈ રહ્યા છે.

જિલ્લામાં ૧૪ નવા કેસ : તમામે હોમ આઈસોલેશન સ્વીકાર્યુ

કુડાસણમાં ૪ કેસ સહિત ગાંધીનગરમાં ૬ અને માણસામાં ૧ કેસ : સે. ૩૦ માં ૩ કેસ ઉપરાંત સે. ૩-એ-ન્યુ, સે. ૨૪, ૧૯ અને ૨૫ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના વધુ ૧૪ કેસ આજે નોંધાયા છે. જેમાં ૭ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને ૭ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૬ કેસ નોંધાયા છે જ્યારે માણસામાં ૩ દિવસ બાદ આજે વધુ એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી ૪ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત વાસણા હડમતિયા અને સરગાસણ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકાના ખડાત ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૩ મહિલાઓનો પણ આ સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૩૯૨૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૭૯૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૭ દર્દીઓ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર રહેતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા સાત કેસમાં પાંચ મહિલા દર્દીઓ છે. આજે સે. ૩૦ માંથી એક જ પરિવારના ૩ સભ્યો સંક્રમિત થયા છે. શહેરમાં આજે સે. ૩૦ માંથી ૩ કેસ મળવા ઉપરાંત સે. ૩-એ-ન્યુ, સે. ૨૪, સે. ૧૯ અને સે. ૨૫ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ નવ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગોતા નજીક શ્રીજી એસ્ટેટમાં ફર્નિચરના ગોડાઉનમાં આગ

ગોતા,તા.૨૧

અમદાવાદના એસજી હાઈવે પર ગોતા નજીક શ્રીજી એસ્ટેટમાં આવેલા ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. ફાયરબ્રિગેડની ૧૨ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે. ફાયરના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લેવાના પ્રયત્નો શરૂ કર્યા છે. ફર્નિચરમાં આગ લાગી હોવાના કારણે આગ વધુ પ્રસરી છે. આગ લાગવાનું કારણ હજી જાણવા મળ્યું નથી.

રાજ્યમાં ફાયર સેફટીના કડક અમલથી લોકોનાં જાન-માલ-મિલકતને આગથી સંરક્ષણ અપાવવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ૨૦૨૦ના ઓક્ટોબરમાં જ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્યમાં દરેક હાઈ રાઈઝડ બિલ્ડિંગ, ઊંચાં મકાનો, વાણિજ્ય સંકુલ, સ્કૂલ, કોલેજ-હોસ્પિટલ્સ, ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફટીનું એન.ઓ.સી. મેળવવાનું અને દર છ મહિને એનું રિન્યુઅલ ફરજિયાત કરવામાં આવ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com